આવૃતિ બીજી. ધોરણ બીજા સારૂ.

કાઠિયાવાડ ઈલાકાની ભૂગોળવિદ્યા.

રચનાર.
ગોવિંદજી વિ. લક્ષ્મીરામ નાયકા દવે.
વઢવાણ શેહેર—ઝાલાવાડ.

અમદાવાદમાં
યુનાઇટેડ પ્રિ. ઍં. જ. એ. કંપની "લિમિટેડના" પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપી.
સં. ૧૯૪૬ ના કાર્તિક સુ. ૧ સને ૧૮૮૯ અકટોબર.
કિંમત બે આના.

અર્પણ પત્રિકા.

મેહેરબાન જાદવરાય હેમતરામ રાણા
શ્રી કુશળસિંહજીના કારભારી સાહેબ.

મુ. ગુંદીઆળા.


આપની વિદ્યા વૃદ્ધિ વિષે ઉત્સુકતા
તથા પ્રજાના કલ્યાણાર્થે તત્પરતા જોઈ
આપને આ લઘુ ગ્રંથ અતિ પ્રેમ પૂર્વક
અર્પણ કરૂંછું તે સ્વિકારશોજી.

લી. હું છું

તાબેદાર સેવક.

ગોવિંદજી વિ. લક્ષ્મિરામ દવે.

મેહેતાજી—બાળા. તા. ગુંદીઆળા.




દિશાઓ.

જે દિશામાં સૂર્ય ઉગે છે, તેને પૂર્વ અથવા ઉગમણી દિશા કહે છે. જે દિશામાં સૂર્ય આથમે છે, તેને પશ્ચિમ અથવા આથમણી દિશા કહે છે.

પૂર્વ દિશા ભણી મો કરી ઉભા રહીએ તો ડાબા હાથ ભણીની ઉત્તર દિશા અને જમણા હાથ તરફ દક્ષિણ દિશા કહેવાય છે.

નકશાની દિશાઓ જાણવાનો કોઠો.

ઉત્તર.



દક્ષિણ.

નકશા ભણી મો કરી ઉભા રહીએ તો મથાળે ઉત્તર દિશા, નીચે દક્ષિણ દિશા, ડાબા હાથ તરફ પશ્ચિમ દિશા, અને જમણા હાથ તરફ પૂર્વ દિશા આવે છે.

ઉત્તર ને પૂર્વદિશા વચ્ચેનો ઈશાનખૂણો, પૂર્વને દક્ષિણ દિશા વચ્ચેનો અગ્નિખૂણો, દક્ષિણ અને પશ્ચિમદિશા વચ્ચેનો નૈઋત્યખૂણો અને પશ્ચિમ તથા ઉત્તર દિશા વચ્ચેનો વાયવ્યખૂણો કહેવાય છે.

વ્યાખ્યાઓ.

૧ જમીનના જે ભાગને ત્રણ બાજુએ પાણીને એક બાજુએ જમીન હોય તેને દ્વીપકલ્પ કહે છે. (૨) જમીનના જે ભાગને ચારે તરફ ફરતું પાણી હોય તેને બેટ કહેછે. (૩) સમુદ્રની અણી લાંબી થઇને જમીનમાં ગઇ હોય તેને અખાત કહે છે. (૪) ખારા પાણીના મોટા ભાગને મહાસાગર, અને મહાસાગરથી જે ભાગ નાનો હોય તેને સમુદ્ર કહે છે. (૫) જમીનનો ભાગ થોડો ઊંચો હોય તેને ડુંગર; ને વધારે ઊંચો હોય તેને પર્વત કહે છે. (૬) જે જમીનનો ભાગ સપાટ હોય તેને મેદાન કહે છે. (૭) ચારે તરફ જમીનને વચ્ચે પાણી હોય તેને સરોવર કહે છે (૮) મીઠા પાણીનો પ્રવાહ પર્વતમાંથી કે સરોવર માંથી નીકળી ઢળકતી જગ્યામાં થઈ સમુદ્ર કે બીજી કોઈ જગ્યાએ મળે તેને નદી કહે છે. (૯) સમુદ્રને મળતાં પેહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોય તેને ખાડી કહે છે. (૧૦) દરિઆ કાંઠે જે શેહેર હોય અને ત્યાં વહાણનો માલ ચડા ઉતરી થતો હોય તેને બંદર કહે છે. ૧૧ જે ગામ પાસેથી રેલવે જતી હોય અને તે ઠેકાણે લોકો તથા માલ ચડા ઉતરી થતો હોય તેને સ્ટેશન કહે છે.

દ્વિવેદી ગોવીંદજી કૃત.

સૌરાષ્ટ્ર દેશની ભૂગોળવિદ્યા.

કાઠિયાવાડનું અસલ નામ "સોરાષ્ટ્ર" હતું પણ જ્યારથી આ મુલકમાં કાઠી તાલુકદારો આવીને વસ્યા અને પોતાના બળથી લુંટ, ધાડ અને ચડાઇઓ કરવામાં પ્રખ્યાતી પામ્યાં, ત્યારથી સોરાષ્ટ્રનું નામ "કાઠિયાવાડ" પડ્યું

સીમા—ઉત્તરે કચ્છનો અખાત ને કચ્છનું રણ, પૂર્વે ખંભાતનો અખાત તથા અમદાવાદ જીલ્લો; દક્ષિણે તથા પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે.

કાઠિયાવાડ ઇલ્લાકાને ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ એ ત્રણે બાજુએ પાણી આવેલું છે તેથી તે દ્વીપકલ્પ કહેવાય છે. ને કાઠિયાવાડ મુંબઈ ઇલ્લાકાની પશ્ચિમ છે, તેનું મુખ્ય શેહેર રાજકોટ છે, તેમાં પોલિટિકલ એજંટ રહેછે. એ એજન્સિના નીચે મુજબ મુખ્ય ચાર ભાગ પાડેલાછે, તે દરેકભાગમાં એકેક આસિસ્ટંટ પોલિટિકલ એજંટ રહેછે તે પોલિટિકલ એજંટ સાહેબને મદદ કરે છે.

ચાર વિભાગનાં નામ.

૧ ઝાલાવાડમાં વઢવાણ. ૨ ગોહેલવાડમાં. સોનગઢ.
૩ સોરઠમાં જેતલસર. ૪ હાલારમાં રાજકોટ.

દરેક પ્રાંતમાં વધારે બંદોબસ્ત માટે થાણાં બેસાડેલાંછે ને તે દરેકમાં થાણદાર રહે છે; તે થાણાં દરેક પ્રાંતમાં નીચે મુજબ.

ઝાલાવાડમાં—વઢવાણ સિવિલ સ્ટેશન, ચોટીલા, ભોયકા, દસાડા, વિઠલગઢ અને પાલિયાદ.

ગોહિલવાડમાં-સોનગઢ, ચોક,ડાઠા, ચમારડી, અને બાબરા

સોરઠપ્રાંતમાં-જેતલસર, બગસરા, ડેડાણ અને લાખાપાદર

હાલારપ્રાંતમાં—રાજકોટ, માલીયા, ધ્રાફા, લોધિકા, વગેરે.

ગાયકવાડી તથા ફિરંગી સંસ્થાનોને સાથે ગણતાં આ ઇલાકાનું ક્ષેત્રફળ સુમારે ૨૩૫૦૦ ચોરસ મૈલ છે. તેની લંબાઈ દ્વારકાંથી ભાવનગર સુધી ૨૦૦ મૈલ છે ને પહોળાઈ ઝીંઝુંવાડાથી દરિયા કિનારા સુધી ૧૭૦ મૈલ છે. ને વસ્તી પચીસ લાખ માણસની છે તથા વરસની ઉપજ આશરે એક કરોડ ત્રેપનલાખ રૂપિયાની છે.

દેશી રાજ્યના જથાથી પડેલા દશ પ્રાંતનાં નામ.

(૧) ઝાલાવાડ (૨) ગોહિલવાડ (૩) ઉંડસરવૈયાવાડ (૪) બાબરીયાવાડ (૫) કાઠિયાવાડ (૬) સોરઠ (૭) બરડો (૮) હાલાર (૯) મચ્છુકાંઠો (૧૦) ઓખામંડળ.

પ્રાંતવાર વર્ણન.

(૧) ઝાલાવાડ પ્રાંત.

ઝાલો કરીને રજપૂત થઈ ગયો તેના નામપરથી આ પ્રાંતનું નામ "ઝાલાવાડ" પડ્યું છે.

સંસ્થાન—ધરાંગધરા, લીંબડી, વઢવાણ, વાંકાનેર, થાન લખતર, સાયલા, ચુડા, બજાણા. એ શિવાય બીજાં ૪૫ નાનાં સંસ્થાન છે.

નદીઓ—વઢવાણનો ભોગાવો, લીંબડીનો ભોગાવો, ફુલકુ, બ્રાંભણ, મચ્છુ, સુકભાદર, કંકાવટી, વાંસળ, સરોવર નળ.

પર્વત—ધરાંગધરા તથા સાયલા આગળ ઠાંગા ડુંગરની મળી ગએલી હાર છે, ને તે વિના ચોટલો, મદાવો, અને માંડવધારૂ છે.

મોટાં ગામ—ધરાંગધરા, હળવદ, સીથા, મેથાણ, વાંકાનેર, લીંબડી, સીઆણી, પાણસીણા, વઢવાણ, નાગનેશ, ખોડુ, રામપરા, વસ્તડી, લખતર, થાન, સાયલા, ચુડા, મુળી, બજાણા, દસાડા, ભોયકા, પાટડી, બડકવા, દુધરેજ, ઝીંઝુવાડા, વણા, તળસાણા, ડોળીયા વગેરે,

ઉપજ—કપાસ, બાજરી, ઘઉં, ચણા, જુવાર, કઠોળ વગેરે.

---

(૨) ગોહેલવાડ પ્રાંત.

ગોહિલનામના રજપુતો રહેતા હતા. તે ઉપરથી આ પ્રાંતનું નામ ગોહિલવાડ પડ્યું છે.

સંસ્થાન—ભાવનગર, પાલીતાણા, વળા, લાઠી, લીંબડા, એ વિના બીજાં નાનાં ૨૦ સંસ્થાન છે.

ગાયકવાડનાં સંસ્થાન—દામનગર, બીમકટા, ને સીઆનગર.

બંદર—ભાવનગર, મહુવા અને સુલતાનપુર.

નદીઓ—ભાવનગરની ખાડી, શેત્રુંજી, માલણ, ધાતરવડી, ઘેલો, કાલુભાડ, બગડ, ને ઉતાવળી વગેરે.

પર્વત—શેત્રુંજો, વાલાકગીર કે મોરધાર, લાંબધાર, અને તલાજાનો ડુંગર વગેરે.

મોટાં ગામ—ભાવનગર, સિહોર, કુડલા, મહુવા, મઢડા, બોટાદ, તલાજા, ત્રાપજ, રાજુલા, પાલીતાણા, ગારીયાધર, વળા, લાઠી, સોનગઢ, લીંબડા, ઘોળા ને નીગાળા.

પેદાશ—ઘઉં, કપાસ, બાજરી, જુવાર, કઠોળ, શેરડી વગેરે.

---

(૩) ઉંડસરવૈયાવાડ પ્રાંત.

સરવૈયા રજપૂતોના નામપરથી આ પ્રાંતનું નામ પડ્યું છે.

સંસ્થાન—દાઠા, ગણધોળ, ચોક, એ વિના ૨૦ નાનાં છે.

પર્વત—જીર, (નાનોજીર) એ નામથી ઓળખાય છે. તેને કેટલાક લોક વાલાકગીર કે મોરધાર પણ કહે છે.

નદી—બગડ.

મોટાં શેહેર—દાઠા, ગણધોળ, ચોક અને મોણપોર.

પેદાશ—કપાસ, ઘઉં, બાજરી, જુવાર અને કઠોળ.

---

(૪) બાબરીયાવાડ પ્રાંત.

"બાબરીયા" જાતના રજપૂતોના નામ પરથી આ પ્રાંતનું નામ "બાબરીયાવાડ" પડ્યું છે. આ પ્રાંતમાં ઘીની પેદાશ ઘણી છે; ને તે જાફરાબાદ બંદરથી પરદેશ ઘણું જાય છે.

સંસ્થાન, જાફરાબાદ, દેડાણ, એ શિવાય ૩૦ નાનાંછે.

નદીઓ—ધાતરવડી, રાયડી, ખોળાપ્રાઈ, રૂપેણ, માલણ વગેરે.

પર્વત—ગીરનો કેટલોએક ભાગ આવેલો છે.

મોટાં ગામ—જાફરાબાદ, ડેડાણ, રાજુલા, વડાળ વગેરે.

પેદાશ—બાજરી, જુવાર, કપાસ, કઠોળ શેરડી.

---

(૫) કાઠિયાવાડ પ્રાંત.

કાઠિલોકોના નામપરથી આ પ્રાંતનું નામ પડેલું છે. તેમાં કાંબીઓ વખણાય છે.

સંસ્થાન—જસદણ, જેતપર, બગસરા, ચોટીલા, આણદપૂર, પાલીયાદ, બાબરા, ભડલી, ભીમોરા, મેવાસા, સુદામડા. એ શિવાય બીજાં ૪૨ નાનાં સંસ્થાન છે.

ગાયકવાડી સંસ્થાન—અમરેલીને ધારી છે.

મુખ્યડુંગર—માંડવધાર, ચોટીલાનો, ઠાંગાને મહાઉના ડુંગરા.

નદીઓ—બીલબાહર, ગોડલી, શેત્રુજી, ગોમા ને સુકબાદર.

ગામ—જસદણ, વીંછીયા, બીલખા, જેતપુર, મેદરડા, ચીતળ, વસાવડ, બગસરા, ચોટીલા, આણંદપુર, પાલીયાદ બાબરા, કોટડાપીઠા, સુદામડા વગેરે.

પેદાશ—ઘઉં, કપાસ, બાજરી, કઠોળ, શેરડી, વગેરે.

---

(૬) સોરઠ પ્રાંત.

"આખા ધલાકાનું નામ સોરાષ્ટ્ર" હતું તેથી આ પ્રાંતનું નામ સોરઠ પડેલું છું.

સંસ્થાન—જુનાગઢ, બાટવા, અમરાપુર.

ગાયકવાડી સંસ્થાન—કોડીનાર.

નદીઓ—ભાદર, ઘુઘ્રી, ઓઝાત, સાંબળી, કાંબ, હિરણ્ય, સામતસિંગવડો, સુરેખા, કપીલા, સરસ્વતિ, મેધળ, વગેરે.

પર્વત—ગીર અને ગીરનાર.

બંદર—માંગરોળ, વેળાવળ, ને કોડીનાર.

ગામ—જુનાગઢ; વેળાવળ, ઉના, કુતીઆણા, પ્રભાસ પાટણ, વંથળી ચોરવાડ, દેલવાડા, હાટીના માળીયા, ગાધકડા, માંગરોળ, બાટવા, માણાવદર, શીદડ, માણેકવાડા, જેતલસર, બગસરા વગેરે.

પેદાશ—કપાસ, બાજરી, જુવાર, શેરડી વગેરે.

---

(૭) બર્ડા પ્રાંત.

બરડા પર્વત ઉપરથી આ નામ પડ્યું છે. સંસ્થાન. પોરબંદર. નદી. ભાદર, ઓઝાત, ઉબેણ બંદર પોરબંદર, નવીબંદર, મીઆણી, માધવપુર વગેરે.

પર્વત—બર્ડો, ગોપનું શીખરને આસમનો.

મોટાં ગામ—પોરબંદર, રાણાવાવ, માધવપુર, અડવાણા, નવીબંદર, ને મીઆણી.

પેદાશ—બાજરી, જુવાર, કપાસ વગેરે.

(૮) હાલાર પ્રાંત.

"હાલોજી"નામના જાડેજા જામ ઉપરથી આ નામ પડ્યું છે.

સંસ્થાન—નવાનગર, ગોંડલ, ધ્રોળ, રાજકોટ, કોટડા; પાલજાળીયા, (દેવાણી) બાડવા, રાજપરા, ખીરસરા, ધ્રાફા આદિનાં ૧૬ નાનાં સંસ્થાન છે.

નદીઓ—રામાવતી, ઊંડ, આજી, ગોંડલી, બાદર, ઘી, આપા, રંગમતી, નાગમતિ, બેટ્રી.

બંદર—સલાયા, બેડો, જોડીયા.

પર્વત—બરડો, ગીરને ઢાગાંનો થોડો ભાગ.

શહરો—જામનગર, જોડીયા, આમરણ, ખંભાળીયા, આટકોટ, સલાયા, ભાણવડ, બાળંબા, હડીઆણા, પડધરી, કાલાવડ, ગુરગઢ, ગોંડળ, ધોરાજી, ભાયાવદર, ધ્રોળ, સરધાર, રાજકોટ, વીરપુર, ધ્રાફા, મેંગણી, લોધીકા વગેરે.

પેદાશ—બાજરી જુવાર વગેરે.

---

(૯) મચ્છુ કાંઠો.

મચ્છુ નદી સોંસરી વહેવાથી આ નામ પડ્યું છે.

સંસ્થાન—મોરબી, માળીયાં, નદી મચ્છુ, ઘોડા ધ્રોઈ.

મોટાં ગામ—મોરબી, ટંકારા, દહીંસરા, આંબોઈ, માળીયા, ધાંટીલા.

પેદાશ—કપાસ, જુવાર, અડદ.

---

(૧૦) ઓખામંડળ.

ઓખાનામનો રાક્ષસ ત્યાં રહેતો તે ઉપરથી એ નામ

પડ્યું છે, આ પ્રાંત ગાયકવાડ સરકારને તાબે છે.

સંસ્થાન—દ્વારકાં નદી ગોમતીને ઓખા.

મોટાં ગામ—દ્વારકાં, આરંભડા, વરવાળા, કચ્છીગઢ, પોશીતરૂં, ધીણાકી, મઢી વગેરે.

નકશામાં પુછવાનાં મુખ્ય ચાર પ્રાંતનાં ગામ.

ઝાલાવાડ પ્રાંતનાં ગામ—સુરેલ, વીસાવડી, વડગામ, કુંઆડા, ઓડુ, આરાગોડા, જરવલા, ટીકર, પંચાસીયા, તીથવા, અરણીટીંબા, પીંપળીયા, સીંધાવદર, આણંદપુર, બાડલા, હડીસરા, સુસવાવ, ગોળી, ઢવાણા, ડોળીયા, ઉમરાળા, કુડડા, એંજાળ, કુવા, જેસડા, વેળાવદર, દુધરેજ, કટુડા, લટુડા, અણીદરા, બાળા, બાપોદરા, સદાદ, કેસરીયા, બીલાપુર, મોઢવાણા, કમાલપર, સરલા, કાંત્રોડી, ધણાદ, બાવળી, ખાંભડા, નારીચાણા, અંકેવાળીયા, લીંબલી, એરાળી, માલોદ, ખોલડીયાદ, ખારવા, ગુંદીઆળા, ભલગામડા, કરમડ, ચોકડી, ચોરવાડ, વસ્તડી, જસાપુર, કારોલ, ખંભલાવ, મોજીદડ, રંગપુર, ખાંડીયા, ઝોબાળા, બલોલ, દેવપુર, રળોલ, ગેડી, બલગામડા, જાંબુ, રાજપર, દેદાદરા, દેવળીયા, ઝમર, કલમ, ઓળક, વીઠલગઢ વગેરે.

ગોહિલવાડ પ્રાંતનાં ગામ—ભાવનગર, પાલીતાણા, વીંછીઆ, બોટાદ, જસાપુર, અમારડી, બાબરા, દરેડ, કોટડાપીઠા, ભડલી, કાળાસર, બરવાળા, વળા, ઉમરાળા,

ધોળા, દડવા, ગઢડા, નીંગાળા, ભીમડાદ, શીઆનગર, લાઠીદર, ઝમરાળા, કરદેજ, ચોગઠ; લંગાળા, લીંમડા, સણોસરા, શીહોર, સોનગઢ, નોઘણવદર; હાથબ, ઘોઘા, તણુસા, લાઠી, લીલીઆ, પાંચ તલાવડા, ગારીઆધર, પરવડી, વાઘુકડ, તળાજા, ગણધોળ, ત્રાપજ, ઢાણા, મોટા ઝીંઝુડા, કુંડલા, ગાધકડા, રાજુલા, બગડાણા, કળીઆ, ગોપનાથ, ઝાંઝમેર, ડાઠા; વાઘનગર, ખુંટવડા, મહુવા, બાણવડ.

સોરઠ પ્રાંતનાં ગામ—મીઆણી, વીસાવાડા, આઠવાણી, ખાંભોદર, બખરલું, પોરબંદર, છાયા, રાણાવાવ, સુલતાનપર, વડવાળું, નવીબંદર, કુતીઆણા, બરડાચોકી, કંડોરણા ખીરસરા, માધવપુર, મૈયારી, મીતી બટાણા, બાટવા, પાંજોદ, ગણા, લીંબડા, ગીદડ, સણોસરા, માણાવદર, મેઘપર, છત્રાસા, આંત્રોલી, ચોરવાડ, માંગરોળ, બાબાગામ, લોએજ, ભંડુરી, માળીઆ, કેસોદ, મેંદરવાડા; વેળાવળ, માણેકવાડા, વંથળી, મજેવડી, જુનાગઢ, માંખીઆળા; વડાળ, બામણગામ, હાટિ માલીયું, જેતલસર, જેતપુર, પાંચપીંપળા, નવાગઢ, વડીઆ, બરવાળા તોરી, બીલખા દાત્રાણા, સરસાઇ, વીસાવદર, ઢસા, બગસરા, કુંકાવાવ, અમરાપુર, બરવાળા, લુણી, વસાવડ, ચીતળ, દેવગામ, પાટણ, ધામળેજ, સુત્રાપાડા, તુળશીશ્યામ, ગઢડા, ઉના દેલવાડા, ઘોઘલા, દીવ, સુનખડા, ધોકડવા, ઉંડાણુ, માણસા, નાગેશરી.

હાલાર પ્રાંતનાં ગામ.

નવાનગર, રાજકોટ, ગોંડળ, ધ્રોળ, મોરબી, માળીઆ, ધાંટેલા, ટંકારા, ખુળકોટ, આમરણ, ઝીંઝોડું બંદર, વવાણીઆ, ખાનપુર, કુઆડવા, ગવરીદડ, સણોસરા, પડધરી, નેકનામ, બાળંભા, મોટું વાગોદડ, હડીઆણા, જાંબુડા, ધ્રુવાડ, વંથળી, જાળીઆ, ખીરસરા, પાલ, ભાડલા, સરધાર, વડાળી, લોધીકા, મેંગણી, કોટડા, સાંગાણી, કંડોરણા મેવાસા, વીરપુર, ખોખરી, મોવીઆ, આટકોટ, ધોરાજી, કાલાવડ, ભલસાણા, પીઠડીઆં, ભાણવડ રાણપુર, સુપેડી, ખાખીજાળીઆ. ઉપલેટા, ગણોદ, ઢાંક, જામવાળી, જોધપુર, ભાયાવદર, મોડાસા, ધ્રાફા, છીકારી, પડાણા, ચેલા, ચંગા, ભાટીયા, લાલપુર, બીડી, ખંભાળીયા, ખીરસલું, રાવળ, ગુરગઢ, સલાયા.

ગાયકવાડી રાજનાં ગામ—શાહાપુર, શીઆનગર, દામનગર, ધાંટાવડ, કોડીનાર, અમરેલી, ધારી, બીમકટા, વરવાળા, દ્વારકાં કચ્છીગઢ, આરંભડું, પોશીતરૂં, ધીણાકી, મઢી વગેરે.

નદીઓ અને તેનાં ઉપરનાં શેહેરો.

૧ વઢવાણનો ભોગાવો—એ ઠાંગા ડુંગરમાંથી નીકળી નળમાં મળે છે; તે ઉપર ચોટીલા, ડોળીઆ, મુળી, વઢવાણ, શિઆણી, અને જાંબુ વગેરે ગામો છે.

૨ લીંબડીનો ભોગાવો—ઠાંગા ડુગરમાંથી નીકળી પૂર્વના નળમાં મળે છે; તે ઉપર મોરવાડ, વસ્તડી વડોદ, લીંબડી અને પાણશિણા છે.

૩ શુક ભાદર—ચોટીલા ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે; તે ઉપર રાણપુર અને નાગનેશ છે.

૪ ફલકુ—ધ્રાંગધરા તાબાના કાંતરોડી પાસેની ધારમાંથી નીકળે છે, ને રણમાં મળે છે. તે ઉપર નારીચાણા, બાવળી ધ્રાંગધરા, અને માલવણ છે.

૫ બ્રાંભણુ—આનદી થાન પાસેના માંડવધાર ડુંગરમાંથી નીકળેછે ને રણમાં મળે છે. તે ઉપર સુસવાવ વાંટાવદર અને ટીકર છે.

૬ મચ્છુ—ચોટીલામાંથી નીકળે છે ને રણમાં મળે છે, તે ઉપર મહોકા, વાંકાનેર, પંચાસીઆ, મોરબી, અને માળીઆ છે.

૭ ફંકાવટી—ધ્રાંગધરા તાલુકાના કોઠ પાસેના રતેવાળીઆ ગામ પાસેથી નીકળે છે ને રણમાં મળે છે. તે ઉપર કોઠ, ઢવાણા અને માલણીઆ છે.

૮ ઉતાવળી—ચોટીલાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, તે ઉપર કુંડલીને બરવાળાછે.

૯ ઘેલો—ચોટીલામાંથી નીકળી કાળુભાર નદીને મળે છે તે ઉપર ગઢડા, લાખણકા, દરેડ, પચ્છેગામ ને વળાછે.

૧૦ શેત્રુંજી—ગિરપર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળેછે, તે ઉપર ધારી, ચોક, પાલીટાણા અને તળાજાછે.

૧૧ માલણ—મોરધારમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે, તે ઉપર ખુંટવડા ને મહુવા છે.

૧૨ થીંગવડો—ગિરપર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે, તે ઉપર ધાંટવડ અને કોડીનાર છે.

૧૩ હીરણ—ગિરપર્વતમાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે તે ઉપર પ્રભાસપાટણ છે.

૧૪ ઉબેણ—ગિરમાંથી નીકળીને ઓઝાતને મળે છે, તે ઉપર ભેસાણ, રાણપુર, ચોકી, અને મજેવડી છે.

૧૫ ભાદર—મદાવાના ડુંગરામાંથી નીકળી આરબી સમુદ્રને મળે છે, તે ઉપર જસદણ, આટકોટ, જેતપુર, નવાગઢ, ગણોદ, કુતીઆણા અને નવીબંદર છે.

૧૬ ગોંડલી—એસરધારની ધારમાંથી નીકળી ભાદરને મળે છે. તે ઉપર ગોંડલ છે.

૧૭ આજી—ચોટીલાના ડુંગરમાંથી નીકળી કચ્છના અખાતને મળે છે. તે ઉપર રાજકોટને પડધરી છે.

૧૮ ઉંડ—બર્ડાપર્વતમાંથી નિકળી કચ્છના અખાતને મળે છે. તે ઉપર જાળીઆ અને જોડીયા છે.

૧૯ રંગમતી ને નાગમતી—બર્ડાપર્વતમાંથી નીકળીને કચ્છના અખાતને મળેછે તે બંનેના સંગમ ઉપર જામનગરછે.

૨૦ રામાવતી—બર્ડાપર્વતમાંથી નીકળીને કચ્છના અખાતને મળે છે તેના ઉપર લાલપુર અને છીકારી છે.

૨૧ ધી—બર્ડાપર્વતમાંથી નિકળી કચ્છના અખાતને મળેછે. તે ઉપર ખંભાળીઆ છે.

પર્વતનું વર્ણન.

૧ ચોટીલાનો—એ ધરાંગધરાથી સરધાર સુધીને કાઠીઆવાડમાં જસદણ સુધી ગએલો છે. તેમાંથી વઢવાણનો ભોગાવો, લીંબડીનો ભોગાવો, બાંભણ, સુકભાદર,

ગોમા, ભાદર, ઉતાવળી, ઘેલો, કાળુભાર, આજી, અને મચ્છુ વગેરે નદીઓ નીકળે છે.

૨ વાલાકગીર કે મોરધાર અને લાંબધાર—એ ડુંગરા ગોહીલવાડ પ્રાંતમાં છે. તેમાંથી માલણ નીકળે છે.

૩ શેત્રુંજો—એ ગોહિલવાડમાં પાલીતાણા પાસે છે. તે ઉપર શ્રાવક લોકનાં દેરાં છે, તેમાંથી બગડ ને ઘેળાદ્રી નીકળે છે.

૪ ગીર—એ સોરઠ પ્રાંતમાં છે તેમાંથી શેત્રુંજી, ધાતરવડી, રાયડી, રૂપેણ, સિંગવડો, હિરણ્યા, ઓઝાત, ઉબેણ, સોમત વગેરે નદીઓ નીકળે છે.

૫ ગીરનાર—એ સોરઠ પ્રાંતમાં જુનાગઢ પાસે છે તે આખા કાઠિયાવાડમાં સર્વથી ઊંચો છે. તે પર શ્રાવક લોકનાં દેરાં છે.

૬ બર્ડો—એ પર્વત હાલાર અને બરડા પ્રાંતની હદપર છે, તેમાંથી ઊંડ, નાગમતી, રંગમતી, ધી, આપા, રામાવતીને ગોડલી વગેરે નદીઓ નીકળે છે.

કાઠીઆવાડનું સામાન્ય વર્ણન.

નદીઓ—ભાદર, શેત્રુજી, આજી, મચ્છુ, ઓઝાત, ઘોડાધ્રોઈ, ઉંડ, રામાવતી, ગાંડલી, શુકભાદર, બગડ, ધાતરવડી. માલણ, બાંબણ, ફલકુ, વઢવાણનો ભોગાવો, લીંબડીનો ભોગાવો વગેરે,

પર્વત—શેત્રુંજો, વાલાકગીર કે મોરધાર, લાંબધાર, ચોટીલો, ગીર, ગીરનાર, અને બર્ડો.

બંદર—વવાણીઆ, જોડીઆ, નવનાગર, સાયલા, દ્વારકાં પોરબંદર, નવીબંદર, માંગરોળ, વેળાવળ; દીવ, જાફરાબાદ, મહુવા, તલાજા, ઘોઘા, ભાવનગર વગેરે.

બેટ—બેટ, દીવ, પીરમ, ગોપનાથ, ઝાંઝમેર વગેરે,

અખાત—કચ્છનો ને ખંભાતનો સમુદ્ર અરબી. રણ કચ્છનું તથા પાટડીનું ભૂશીર જગત પૉઇંટ, દીવ.

જાત્રાનાં ઠેકાણાં—શેત્રુંજો, તેના પર શ્રાવક વગેરેનાં દેરાં છે.

ગીરનાર—તેનાપર શ્રાવકો તથા બીજાં હિંદુનાં દેવળો, મુસલમાનના પીરની જગ્યો તથા કુંડ છે, મુળી, અને ગઢડા, એ બન્નેમાં "સ્વામીનારાયણ" ના પંથનાં ધામ છે. દ્વારકાં એમાં દ્વારકાંધીશ રણછોડજીનું ધામ છે. બેટ, એમાં સત્ય ભામાજી, લક્ષ્મિજી, ને રાધિકાજીનાં દેવળ છે. સોમનાથ કે પ્રભાસપાટણ, તુળશી શીઆમ, સુદામાંપુરી માધવપુર, અને ગુપ્ત પ્રયાગ વગેરે ઘણાંજ છે.

હવાખાવાની જગ્યા—કુડા, ગોપનાથ, વેળાવળ, બાલાચડી વગેરે. પોર્તુગીઝનું દીવ અને હબશીનું જાફરાબાદ સંસ્થાન છે.

ગાયકવાડનો મુલક—ઓખામંડળ પ્રાંત એ સિવાય અમરેલી, ધારી, કોડીનાર, દામનગર, ભીમકટા, શીઆનગર વગેરે છે.

પેદાશ—કપાસ, બાજરી, જુવાર, ઘઊં, ચણા, અડદ, મઠ, મગ, ચણા, વાલ, જવ, ડાંગર, તલને શેરડી વગેરે.

ધર્મ—વેદ, શૈવ, વૈષ્ણવ, રામાનુજ, જૈન, સ્વામીનારાયણ મુસલમાન, માર્ગી, કબીર વગેરે.

કેળવણી—રાજકોટમાં રાજકુમાર કોલેજ, મેલટ્રેનિંગ કોલેજ, ફીમેલ ટ્રેનિંગ કોલેજ, અને એક હાઇસ્કુલ છે. ભાવનગરમાં શામળદાસ કોલેજ, હાઇસ્કુલ અને ગૌરીશંકર ધે:શાળા વગેરે છે જુનાગઢ જામનગર અને વઢવાણ શેહરમાં એકેકી હાઇસ્કુલ, સરકારી ગુજરાતી નિશાળ, કન્યાશાળા ને ઉર્દુ સ્કુલ વગેરે છે. વઢવાણ સિવિલ સ્ટેશનમાં તાલુકદારી ગરાશીઆ સ્કુલ છે.

નદીઓનાં મુખ.

આરબી સમુદ્રને મળનારી નદીઓ, શેત્રુંજી, ભાદર, કાંબ, હીરણા, સિંગવડો, સાવળી સોમત, સરસ્વતિ, રાવળ, રૂપેણ, રાયડી, ધાતરવડી, માલણ, બગડ, ગોમતી વગેરે.

ખંભાતના અખાતને મળનારી—કાળુભાર, ઉતાવળી, અને સુકભાદર.

કચ્છનાઅખાતને મળનારી—રંગમતિ, નાગમતિ, ઘી, આપા, આજી, રામાવતી, ઉંડ વગેરે.

કચ્છના રણમાં મળનારી—મચ્છુ, ઘોડાધ્રોઈ, બ્રાંભણા કંકાવટી, ઉમઈ, ફલકુ, ગોડરા, ચંદ્રભાગા વગેરે.

નળમાં પડનારી—વઢવાણનો ભોગાવો અને લીંબડીનો ભોગાવો.

—o—

આગગાડી.

આ ઇલાકામાં " ભાવનગર, ગોંડલ, જુનાગઢ, પોરબંદર રેલવે " "મોરબી રેલવે " અને " બોમ્બે, બરોડા એન્ડ સેંટ્રલ ઈંડિઆ રેલવે" છે.

ભાવનગરથી વઢવાણ જંક્શન સુધીનાં સ્ટેશનો-ભાવનગર, ગઢેચી, વરતેજ, સિંહોર, સોનગઢ, સણોસરા, ધોળા જંક્શન, ઉજળવાવ, નિંગાળા, બોટાદ, કુંડલી, રાણપુર ચુડા, લીંબડી, વઢવાણ શેહેર ને વઢવાણ જંક્શન.

ધોળા જંક્શનથી ધોરાજી સુધીનાં સ્ટેશનો—ધોળા જંક્શન, જાળીઆ, ઢસા, લાઠી, ચીતળ, લુણીધર, કુંકવાવ ખાખરીઆ, વાવડી, જેતપુર, જેતલસર જંક્શન ધોરાજી.

જેતલસરથી જુનાગઢ સુધીનાં સ્ટેશનો—જેતલસર જંક્શન, ચોકી, વડાલ અને જુનાગઢ.

જુનાગઢથી વેરાવળ સુધીનાં સ્ટેશનો—જુનાગઢ, શાહાપુર, લુશાલા, કેશોદ, માળીઆ, ચોરવાડ રોડ અને વેરાવળ.

ધોરાજીથી પોરબંદર સુધીનાં સ્ટેશનો—ધોરાજી, સુપેડી ઉપલેટા, ખાખી જાળીઆ, બાપાવદર, પાનેલી, જામનું જોધપુર, બાલવા, વાંસજાળીઆ, સખપુર, રાણાવાવ, અને પોરબંદર.

વઢવાણ જંકશનથી મોરબી સુધીનાં સ્ટેશનો—વઢવાણ જંકશન કુકડા, મુળી, સાયલા રોડ, ડોળીઆ, થાન, દલડી, વાંકાનેર, ઢુવા, અને મોરબી.

આ રેલવેની શાખા વાંકાનેરથી રાજકોટ સુધી તૈયાર થાયછે.

બી૦ બી૦ એન્ડ સી૦ આઇ૦ રેલવેનાં કાઠિયાવાડમાં આવેલાં સ્ટેશનો—સાબળી, બીલાપુર, બખાતર અને વઢવાણ જંકશન.

વખણાએલી વસ્તુવાળાં શેહેરો.

લીંબડી—સુડીઓ, સાયલા—માટીનાં વાસણ ને સુડીઓ, ધરાંગધરા, બડા—પથર તથા પથરનાં વાસણ. થાન માટીનાં વાસણ ભાલ—ઘઉં. વઢવાણ—પથરને સાબુ. સાવરકુંડલા—ઢોલીઆ. શિહોર; મોરબી—ત્રાંબા પીતળનાં વાસણ. નવાનગર—કંકુ, મોતી; બાંધણી બંદુક. ગોંડલ—ગોળ. ઝાલાવાડ—ઝુમણા. કાઠિયાવાડ પ્રાંત—કાંબી; ઘોડા. પાટડી અને કુડા—વડાગર મીઠું. ધોરાજી—ધાબળા. લાઠી—ધોતીયાં. બડા—ભેંસો. ચોરવાડ—નાગરવેલનાં પાન. 'જાફરાબાદ—ઘી. કુતીઆણા—ધાબળીપો; ધારી—ઘોડાનો સામાન ને તરવારનાં મ્યાન થાયછે.

મોટા તાલુકાની કેટલીએક હકીકત.

નાના મોટા રાજના અખત્યાર પ્રમાણે ચાર વર્ગો પાડેલા છે.

વર્ગ ૧ લો.

તાલુકાનું નામ	પદવી	ગામ	તાલુકાનું નામ	પદવી	ગામ.
જુનાગઢ	નવાબ	૮૯૦	ભાવનગર	રાવળ	૬૪૫
નવાનગર	જામ	૬૩૧	ધરાંગધરા	રાજ	૧૨૯
પોરબંદર	રાણા	૧૦૩	મોરબી	ઠાકોર	૧૩૬
ગોંડલ	ઠાકોર	૧૭૪			

વર્ગ ૨ જો.

વાંકાનેર	રાજ	૮૭	પાલીતાણા	ઠાકોર	૮૭
વઢવાણ	ઠાકોર	૩૧	ધ્રોળ	ઠાકોર	૬૫
જાફરાબાદ	હબસીસીધી	૧૨	લીંબડી	ઠાકોર	૭૨
રાજકોટ	ઠાકોર	૬૧			

વર્ગ ૩ જો,

જસદણ	રાજા	૬૧	વળા	ઠાકોર	૩૮
સાયલા	ઠાકોર	૩૮	લખતર	ઠાકોર	૫૧
ચુડા	ઠાકોર	૧૪	બાટવા	બાબી	૫૬

વર્ગ ૪ થો.

મુળી	પરમારઠાકોર	૧૫	કોટડા	સાંધાણી ઠાકોર	૧૮
લાઠી	ઠાકોર	૧૨	માલીયા	ઠાકોર	૧૨
બજાણા	મલેક	૨૭	જેતપુર	રાજા	૧૪
વીરપુર	ઠાકોર	૧૩	પાટડી	કણબી દેસાઈ	૭

૧ પેહેલા વર્ગનાં સંસ્થાનને દીવાની તથા ફોજદારી કામમાં કુલ અખત્યાર છે.

૨ બીજા વર્ગના સંસ્થાનને દિવાની કામમાં કુલ અખત્યાર છે અને ફોજદારી કામમાં મરણની શિક્ષા પોલિટિકાલ એજંટ સાહેબના મંજુરીથી કરી શકે છે.

૩ ત્રીજા વર્ગનાં સંસ્થાનને દિવાની કામમાં ૨૦ હજાર સુધી દાવા ચુકવવાનો અને ફોજદારી કામમાં સાત વરસની કેદ તથા દશ હજાર રૂપીયા સુધી દંડ કરવાનો અખત્યાર છે.

૪ ચોથા વર્ગનાં સંસ્થાનને દિવાની કામમાં દશ હજાર સુધી દાવા ચુકવવાનો અને ફોજદારી કામમાં ૩ વરસની

કેદ તથા પાંચ હજાર રૂપિઆ સુધી દંડ કરવાનો અખત્યાર છે.

મોટા શેહેરોની થોડી થોડી હકીકત.

વઢવાણ એનું બીજુ નામ વર્ધમાનપુરી હતું શીહાણી લીંબડી દરબારનું અસલ રાજધાનીનું શેહેર છે. જાંબુ વહોરાની વસ્તી વધારે છે. સાયલા લાલાભગતની જગ્યા છે. તેથી લોકો તેને ભગતનું ગામ કહેછે વાંકાનેર જડેશ્વર મહાદેવની જગ્યા છે. મહુવા તેનું બીજુ નામ મધુમપુરી હતું. તેમાં નાળીએર, સરગવાની સીંગો ને પાન થાય છે. બગસરા તેમાં ચોફાળ સારા બનેછે. રાણપુર તેમાં મસાલો ને પડોપાંદડી બનેછે. કુતીઆણા ધાબળા ને ચોરવાડમાં નાગરવેલનાં પાન થાય છે. માળીયું તેને હાડા માળીયું કહેછે પટ્ટણ તેનું બીજું નામ પ્રભાસપાટ્ટણ છે, પોરબંદર તેનું બીજુ નામ સુદામાપુરી છે, માધવપુર તેમાં માધવરાવની મૂર્તિ છે. નવાનગર તેને જામનગર કહેછે ખંભાળીયા લોઢાની ખાણોછે. કાલાવડ તેમાં સીતળા માતાનું દેવસ્થાન છે. મોરબી કાંસાનાં વાસણ થાયછે. માળીયું મચ્છુ નદી ઉપર છે. ને તે મીયાણાનું કહેવાય છે. વવાણીયા ત્યાં આગમોઠ રેહેછે. દ્વારકાંમાં રણછોડજીની મૂર્તિછે કચ્છીગઢ કચ્છના રણને તાબે છે. આરંભડુ ત્યાં બાવા વગેરેને હાથપર છાપ મારેછે. ત્યાંના દરિયામાંથી શંખ ને ચક્ર બહુ જડે છે.

સમાપ્ત.

डिक्टेशनना शब्द.

मूक्यो	नक्की	पड्यो	बनाव्युं	नित्य
निशाळ	दक्षिणी	विचार्युं	इश्वर	विश्व
कर्युं	बैरां	उपज्यो	कृपाळ	छप्पो
बन्यां	प्रधान	समज्यां	जवल्ले	विख्यात
रस्तो	संग्रह	जक्की	स्वाद	धान्य
बोल्यो	रोप्युं	टट्टु	सांभळ्यो	तैयार
रमतीयाळ	विंछी	स्नेह	इंद्रीओ	पुण्य
मळ्यां	दिवस	प्राण	चोख्खुं	आशिष
पस्तावो	विख	पर्व	रळिआमणुं	कृपण
डाह्याभाइ	छोडिओ	इडां	चोख्खी	मुद्दले
जन्म	अर्थ	भाग्य	सज्जन	परमेश्वर
स्वभाव	मनुष्य	प्रार्थना	शुद्ध	प्रमाणे
राजकुंवर	प्रीत	स्वच्छ	चित्त	चप्पु
फरियाद	वेच्युं	चिंत्रामण	नक्कर	गम्यो
सर्वे	लुच्चाइ	वनस्पति	निर्दय	छैयां
शिक्षा	दोंगाइ	तरबूच	वटेमार्गु	लट्टु
विषे	शीख्यो	पशुपंखी	जाण्युं	उठ्यां
वखाण्यो	बिचारां	लींबु	भाग्युं	शुद्ध

मंडयो	लींबोळीयो	कर्या	छज्जुं	पाजरों
खीज्या	धान्य	पदार्थ	छोंडी	भूपति
क्रोड	दीवाळी	पुंठीआं	जडाव्यो	चित्र
नक्की	शिआळो	शेखसल्ली	छोलाणुं	बत्रीश
सिंधु	बाजरीउं	चडाव्यो	त्रीजे	गळ्यो
शींगडां	किल्ला	बच्चांकच्चां	चप्पां	स्वाद
लुगडां	मराडिआ	रुपिआ	भर्यां	गधेडुं

धाते।.

શેરની ધાત.	શેરની ઉલટી ધાત.
શેરના અધશેરા ૨	૨ અધશેરે ૧ શેર
શેરના પાશેરા ૪	૪ પાશેરે ૧ શેર
શેરનાં નવટાંકાં ૮	૮ નવટાંકે ૧ શેર
શેરનાં અધોળાં ૧૬	૧૬ અધોળે ૧ શેર
શેરના રુપિયાભાર ૪૦	૪૦ રુપિયાભારે ૧ શેર
શેરના પાશેરા ૪	૪ પાશેરે ૧ શેર
પોણાશેરના પાશેરા ૩	૩ પાશેરે ૦॥। શેર
અધશેરના પાશેરા ૨	૨ પાશેરે ૦॥ શેર
શેરનાં અધોળાં ૧૬	૧૬ અધોળે ૧ શેર
પોણાશેરનાં અધોળાં ૧૨	૧૨ અધોળે ૦॥। શેર
અધશેરનાં અધોળાં ૮	૮ અધોળે ૦॥ શેર

પાશેરનાં અધોળાં ૪	૪ અધોળે ০। શેર
શેરના રૂપીયાભાર ૪૦	૪૦ રૂપિયાભારનો ૧ શેર
પોણાશેરના રૂપિયાભાર ૩૦	૩૦ રૂપિયાભારે ০॥। શેર.
અધશેરના રૂપિયાભાર ૨૦	૨૦ રૂપિયાભારે ০॥ શેર
પાશેરના રૂપિયાભાર ૧૦	૧૦ રૂપિયાભારે ০। શેર
નવટાંકના રૂપિયાભાર ૫	૫ રૂપિયાભારે નવટાંક
અધોળના રૂપિયાભાર ૨॥	૨॥ રૂપિયાભારે અધોળ.

મણની ધાત.

છેલું વચન પેહેલું બોલવું જેમકે મણના અધમણીઆ બે ને બે અધમણનો ૧ મણ એ પ્રમાણે શેરની ધાત મુજબ બધી ધાતો ઉલટાવીને બોલતાં શીખવું.

મણની ધાત		મણની ધાત ઉલટી
મણના અધમણીઆ	૨	૨ અધમણીએ ૧ મણ
મણના દસશેરા	૪	૪ દસશેરે ૧ મણ
મણની પાંચશેરી	૮	૮ પાંચશેરીનો ૧ મણ
મણની અઢીશેરી	૧૬	૧૬ અઢીશેરીનો ૧ મણ
મણની સવાશેરી	૩૨	૩૨ સવાશેરીનો ૧ મણ
મણના શેર	૪૦	૪૦ શેરનો ૧ મણ

૧ મણના દસશેરા	૪	০॥ મણના દસશેરા ૨
০॥। મણના દસશેરા	૩	০। મણનો દસશેરો ૧

૧ મણની પાંચશેરી ૮	০॥ મણની પાંચશેરી ૪
০॥। મણની પાંચશેરી ૬	০। મણની પાંચશેરી ૨

૧ મણની અઢીશેરી ૧૬	૦ાા મણની અઢીશેરી ૮
૦ાાા મણની અઢીશેરી ૧૨	૦ા મણની અઢીશેરી ૪
૧ મણની સવાશેરી ૩૨	૦ાા મણની સવાશેરી ૧૬
૦ાાા મણની સવાશેરી ૨૪	૦ા મણની સવાશેરો ૮
૧ મણના શેર ૪૦	૦ાા મણના શેર ૨૦
૦ાાા મણના શેર ૩૦	૦ા મણના શેર ૧૦

માણીની ધાત.

માણી ૧ ના મણ ૧૨	અધી માણીના મણ ૬
પોણીમાણીના મણ ૯	૦ા માણીના મણ ૩

જુદા કોષ્ટકની ધાત.

કળશીના મણ ૧૬	પલ્લાના મણ ૬ાા
ખાંડીના મણ ૨૦	હારાના મણ ૨૧
ભારના મણ ૨૪	નાનાહારાના મણ ૭
કોથળાના મણ ૫	મુડાના મણ ૪૦
બેડીયાના મણ ૩૨	મોટા મુડાના મણ ૧૦૦
ગાલ્લીના મણ ૩૦	

તોલાની ધાત.

તોલા ૧ ના ગદીઆણા ૨	ગદી ૧ ના વાલ ૧૬
તોલા ૧ ના માસા ૧૨	વાલ ૧ ના રતી ૩
તોલા ૧ ના વાલ ૩૨	રતી ૧ ના મગ ચાર
તોલા ૧ ની રતી ૯૬	રતી ૧ ના ચોખા ૬

નાણાનું પ્રમાણ.

રૂપિયા ૧ ના દોકડા ૧૦૦	દોકડા ૧ ની બદામ ૧૬
દોકડા ૧ ના ફોકડા ૧૦૦	બદામ ૧ ની વિસવાસી ૧૬
રૂપિઆ એકના આના ૧૬	આના ૧ના પૈસા ૪
આના ૧ ની પાઈ ૧૨	આના ૧ના સુરતી પૈસા ૫

કળશીની ધાત.	ખાંડીની ધાત.
૧ કળશીના મણ ૧૬	૧ ખાંડીના મણ ૨૦
૦॥। કળશીના મણ ૧૨	૦॥। ખાંડીના મણ ૧૫
૦॥ કળશીના મણ ૮	૦॥ ખાંડીના મણ ૧૦
૦। કળશીના મણ ૪	૦। ખાંડીના મણ ૫

ભાર.	કોથળો.
૧ ભારના મણ ૨૪	૧ કોથળાના મણ ૫
૦॥। ભારના મણ ૧૮	૦॥। કોથળાના મણ ૩॥।
૦॥ ભારના મણ ૧૨	૦॥ કોથળાના મણ ૨॥
૦। ભારના મણ ૬	૦। કોથળાના મણ ૧।

બેડીયાની ધાત	ગાલી.
૧ બેડીના મણ ૩૨	૧ ગાલીના મણ ૩૦
૦॥। બેડીના મણ ૨૪	૦॥। ગાલીના મણ ૨૨॥
૦॥ બેડીના મણ ૧૬	૦॥ ગાલીના મણ ૧૫
૦। બેડીના મણ ૮	૦। ગાલીના મણ ૭॥

હારાની ધાત.

૧ હારાના મણ ૨૧
૦।।। હારાના મણ ૧૫।।।
૦।। હારાના મણ ૧૦।।
૦। હારાના મણ ૫।

નાના હારાની ધાત.

૧ નાના હારાના મણ ૭
૦।।। નાનાહારાના મણ ૫।
૦।। નાનાહારાનામણ ૩।।
૦। નાનાહારાના મણ ૧।।।

મુડાની ધાત.

૧ મુડાના મણ ૪૦
૦।।। મુડાના મણ ૩૦
૦।। મુડાના મણ ૨૦
૦। મુડાના મણ ૧૦

મોટા મુડાની ધાત.

૧ મોટા મુડાના મણ ૧૦૦
૦।।। મોટા મુડાના મણ ૭૫
૦।। મોટા મુડાના મણ ૫૦
૦। મોટા મુડાના મણ ૨૫

રુપિઆ આનાની ધાત.

૧ રુપિઆના આના ૧૬
૦।।। રુપિઆના આના ૧૨
૦।। રુપિઆના આના ૮
૦। રુપિઆના આના ૪

આના પાઈની ધાત.

૧ આનાની પાઈ ૧૨
૦।।। આનાની પાઈ ૯
૦।। આનાની પાઈ ૬
૦। આનાની પાઈ ૩

આના પૈસાની ધાત.

૧ આનાના પૈસા ૪
૦।।। આનાના પૈસા ૩
૦।। આનાના પૈસા ૨
૦। આનાનો પૈસો ૧

રૂપીયા પૈસાની ધાત.

૧ રૂપીયાના પૈસા ૬૪
૦।।। રૂપીયાના પૈસા ૪૮
૦।। રૂપિયાના પૈસા ૩૨
૦। રૂપિયાના પૈસા ૧૬

રૂપિઆ દોકડાની ધાત.

૧ રૂપિયા દોકડા ૧૦૦
૦।।। રૂપિયાના દોકડા ૭૫
૦।। રૂપિયાના દોકડા ૫૦
૦। રૂપિયાના દોકડા ૨૫

દોકડા ફોકડાની ધાત.

૧ દોકડાના ફોકડા ૧૦૦
૦।।। દોકડાના ફોકડા ૭૫
૦।। દોકડાના ફોકડા ૫૦
૦। દોકડાના ફોકડા ૨૫

દોકડા બદામની ધાત.

૧ દોકડાની બદામ ૧૬
૦।।। દોકડાની બદામ ૧૨
૦।। દોકડાની બદામ ૮
૦। દોકડાની બદામ ૪

બદામ વિસવાસીની ધાત.

૧ બદામની વિસવાશી ૧૬
૦।।।બદામની વિસવાશી ૧૨
૦।। બદામની વિસવાશી ૮
૦। બદામની વિસવાશી ૪

કોડીની ધાત.

૧ કોડીનાં નંગ ૨૦
૦।।। કોડીનાં નંગ ૧૫
૦।। કોડીનાં નંગ ૧૦
૦। કોડીનાં નંગ ૫

ગજની ધાત.

૧ ગજના તસુ ૨૪
૦।।। ગજના તસુ ૧૮
૦।। ગજના તસુ ૧૨
૦। ગજના તસુ ૬

તોલા ગદીઆણાની ધાત.

૧ તોલાના ગદીઆણા ૨
૦।।। તોલાના ગદીઆણા ૧।।
૦।। તોલાનો ગદીઆણો ૧
૦। તોલાનો ગદીઆણો ૦।।

તોલામાસાની ધાત.

૧ તોલાના માસા ૧૨
૦।।। તોલાના માસા ૯
૦।। તોલાના માસા ૬
૦। તોલાના માસા ૩

તોલા વાલની ધાત.	તોલા રતીની ધાત.
૧ તોલાના વાલ ૩૨	૧ તોલાની રતી ૯૬
૦॥। તોલાના વાલ ૨૪	૦॥। તોલાની રતી ૭૨
૦॥ તોલાના વાલ ૧૬	૦॥ તોલાની રતી ૪૮
૦। તોલાના વાલ ૮	૦। તોલાની રતી ૨૪

ગદીઆણા વાલની ધાત.	વાલ રતીની ધાત.
૧ ગદીઆણાના વાલ ૧૬	૧ વાલની રતી ૩
૦॥। ગદીઆણાના વાલ ૧૨	૦॥। વાલની રતી ૨।
૦॥ ગદીઆણાના વાલ ૮	૦॥ વાલની રતી ૧॥
૦। ગદીઆણાના વાલ ૪	૦। વાલની રતી ૦॥।

રતી મગની ધાત.	રતી ચોખાની ધાત.
૧ રતીના મગ ૪	૧ રતીના ચોખા ૬
૦॥। રતીના મગ ૩	૦॥। રતીના ચોખા ૪॥
૦॥ રતીના મગ ૨	૦॥ રતીના ચોખા ૩
૦। રતીનો મગ ૧	૦। રતીના ચોખા ૧॥

આના દોકડાની ધાત.

૧ આનાના દોકડા ૬।	૮ આના દોકડા ૫૦
૨ આનાના દોકડા ૧૨॥	૧૨ આનાના દોકડા ૭૫
૩ આનાના દોકડા ૧૮॥।	૧૬ આનાના દોકડા ૧૦૦
૪ આનાના દોકડા ૨૫	

શેર પૈસાભારની ધાત.

૧ શેરના પૈસાભાર ૭૨	૭૨ પૈસાભારનો ૧ શેર
૦॥। શેરના પૈસાભાર ૫૪	૫૪ પૈસાભારનો પોણોશેર
૦॥ શેરના પૈસાભાર ૩૬	૩૬ પૈસાભારનો અધશેર

૦ા શેરના પૈસાભાર ૧૮	૧૮ પૈસાભારનો પાશેર
નવટાંકના પૈસાભાર ૯	૯ પૈસાભારે નવટાંક
અધોળના પૈસાભાર ૪ા	૪ા પૈસાભારનો અધોળ.

માણા કળશીની ધાત.

૯૬ માણાની કળશી અથવા ૧૬ શેઈ
૭૨ માણાની પોણી કળશી અથવા ૧૨ શેઈ
૪૮ માણાનો હારો અથવા અડધી કળશી—૮ શેઈ
૨૪ માણાનું ચોસીયું અથવા પા કળશી—૪ શેઈ

૧૮ માણે ત્રણ શેઈ	૪ પુવાલે પાલી
૧૨ માણે બશેઈ	૪ પાલીનું માણું
૬ માણે શેઈ.	

પરચુરણ કોષ્ટક.

૧૬૦૦ બદામનો	૧ રૂપિઓ	૧૦૦ દોકડાનો	૧ રૂપિઓ
૧૬ આનાનો	૧ રૂપિઓ	૧૯૨ પાઇનો	૧ રૂપિઓ
૬૪ પૈસાનો	૧ રૂપિઓ	૪૦૦ રેસનો	૧ રૂપિઓ
૪ પાવલાંનો	૧ રૂપિઓ.		

કાલાનો ભાર ૨૦ મણનો ને કપાસીયાનો ભાર ૬ મણનો આપણા દેશમાં ચાલેછે પોણાબે હાથનો લુગડાં ભરવાનો ૧ વાર કહેવાય છે. ડઝન એટલે બાર નંગ ૭ કાગળની ૭કડી, ૨૪ કાગળનો ઘા; ૨૦ ઘા ૧ રીમ.

સમાપ્ત.

* હિંદુસ્તાનની ભૂગોળ વિદ્યા. *

ચોથા ધોરણના વિદ્યાર્થિને ઉપયોગી કિંમત ત્રણ આના. પણ દશ ઉપરાંત નંગ ખરીદનારને કિફાયત ભાવે.

☞ મુંબાઈ ઇલાકાની ભૂગોળ વિદ્યા.

એમાં વાધેલા વંશ પુરા સુધી ગુ. ઇ. પણ આપેલો છે. દર પ્રતના બે આના કિંમત છે. પણ દશ ઉપરાંત નંગ ખરીદનારને સસ્તી આપીશું માટે પત્ર લખી કે રૂબરૂ મળી ખુલાસો પુછવો.

શ્રી કોષ્ટકાવળી. શ્રી

એમાં દેશી તથા ઇંગ્રેજી કોષ્ટકો, અને દેશી તથા ઇંગ્રેજી કોષ્ટકોનો અરસપરસ સંબંધ આપેલો છે. તથા મુસલમાની રાજના બધા બાદશાહોના વંશની વંશાવળીઓ દાખલ કરી છે. જેથી તે ધો. ૩ જાથી છઠા સુધી ઉપયોગી છે. કિંમત. ૦-૧-૦ છે પણ સામટી ખરીદો તો કિફાયતથી આપશું.

નાના નકશા ચીતરવાના.

હિંદુસ્તાનનો નકશો છઠા ધોરણના વિદ્યાર્થિને તથા મુંબઇ ઇલાકાનો નકશો પાંચમા ધો. વિદ્યાર્થિને જોઇ જોઇ સ્લેટમાં ચીતરવાને ઉપયોગી છે. સ્લેટ જેવા નાના કદના હોવાથી ચીતરનારને ઘણી સુગમતા પડે છે. દર નંગની કિ. ૦-૦-૯ છે પણ વધારે લ્યો તો સોઘા.

ઠ૦ હવેલી પાસે } ગોવિંદજી લક્ષ્મીરામ દવે
વઢવાણ શહેર. } મહેતાજી—બાળા.